# KUNTHUNATH BHAGWAN





## Nirvan Kalyanak

### Chaitra Vad Ekam

**On this day, Jains try & do at least one 'mala' reciting:**

**"Om Hrim  Shri Kunthunath  Parangatay Namah"**

---

"Immortality lies not in the things you leave behind,
But in the people your life has touched"


"Leadership is practiced not so much in words
as in attitude and in actions"

**In** dwelling, live close to the ground.  **In** thinking, keep to the simple.  **In** conflict, be fair and generous.   **In** governing, don't try to control.  **In** work, do what you enjoy.  **In** family life, be completely present.   .... Tao Te Ching

**What you desire for yourself, desire for others too ;**
**What you do not desire for yourself,**
**do not desire for others too.**
**Always put yourself in other's shoes.**
**If you feel that it hurts you, no doubt,**
**it probably hurts the other person.**
***.... This is the essence of Jainism***
**Sarva mangal mänglyam, sarva kaläyan kärnam**
**Pradhänam sarva dharmänäm, Jainam Jayati Shäsanam**

# KUNTUNATH BHAGWAN





Kunthunath Bhagwan is the seventeenth Tirthankara in the current time cycle. He was born in the city of Hastinapur and his parents were King Sursen and Queen Shri Devi. His symbol (Lanchan) is Goat and symbolic colour is Gold.

After succeeding his father as King, the disc shaped jewel – cakra – appeared in his armoury, which enabled him to conquer all regions and thus became a Chakravarti – universal emperor. He is the sixth Chakravarti of this time cycle.

Time passed by and King Kunthunath began to get restless. In his meditations, he witnessed his past lives and realised the reason for his birth and the purpose and goal of his life. He renounced his throne, kingdom, fame, fortune and everything else and took Diksha to become an ascetic.

Jain tradition states that he was in his youth for 23750 years, and as King for 23750 years and as Chakravarti for 23750 years and become an ascetic at the age of 71250 years.

After 16 years as an ascetic, Kunthunath attained Kevaljnana under a Tilak tree in Sahasramara jungle. He had 35 Gandharas, and his first sermon – Deshna was on inner purity/ Mann Shudhi

Kunthunath Bhagwan attained nirvana at Samet Shikhar.

Lifespan: 95000 years
Height: 35 Bows

Chief Ghandara: Svayambhu
Sangh:
Sadhus: 60000
Sadhvis: 60600 Led by Bandhuvati or Damini

Laymen: 100920 | Laywomen: 381000

Yaksha: Gandharva | Yakshini: Bala

| Panch Kalyanaks |
|---|
| Chavan Klayanak |
| Ashadh Vad Nom |
| Janma Kalyanak |
| Chaitra Vad Chaudas |
| Diksha Kalyanak |
| Chaitra Vad Pancham |
| Kevaljnana Kalyanak |
| Chaitra Sud Trij |
| Nirvan (Moksha) Kalyanak |
| Chaitra Vad Ekam |

BY KISHOR B SHAH

# સ્તવન

મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન
મનડું કિમ હી ન બાજે

જિમ જિમ જતન કરીને રાખું,
તિમ તિમ અળગું ભાજે. કુંથુ. ૧
રજની વાસર વસતી ઉજ્જડ,
ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું,
એહ ઉખાણો ન્યાય હો. કુંથુ. ૨
મુક્તિતણા અભિલાષી તપીયા,
જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે,
નાંખે અવળે પાસે હો. કુંથુ. ૩
આગમ આગમ ધરને હાથે,
નાવે કિણ વિધ આકું;
કિંહા કણે જો હઠ કરી હટકું,
તો વ્યાલ તણી પરે વાંકું હો. કુંથુ. ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું,
શાહુકાર પણ નાહીં;
સર્વ માંહે ને સહુથી અલગું,
એ અચરિજ મનમાંહિ હો. કુંથુ. ૫
જે જે કહું તે કાન ન ધારે,
આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે,
સમજે ન મારો સાલો હો. કુંથુ. ૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એહને કોઈ ન ઝેલે હો. કુંથુ. ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું,
એહિ જ વાત છે મોટી. કુંથુ. ૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું,
તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ ! માહરૂં આણો,
તો સાચું કરી જાણું હો. કુંથુ. ૯

❖ ❖ ❖

## સ્તવનનો અર્થ

હે કુંથુનાથ ભગવાન ! મારું મન કોઈ પણ રીતે એકાગ્ર થતું નથી જેમ જેમ એને વશ કરવા હું પ્રયત્ન કરું છું તેમ તેમ ઉલ્ટાનું એ દૂર નાસી જાય છે. (૧)

ચાહે રાત હોય કે દિવસ, પ્રદેશ વસ્તીવાળો હોય કે વસ્તીવગરનો ઉજ્જડ હોય, એ મન તો આકાશમાં કે પાતાળમાં પહોંચી જાય છે. 'સર્પ ખાય અને એનું મોં ખાલીને ખાલી રહે - એનું પેટ ભરાય જ નહિ' એ વાત મનના વિષયમાં સાચી ઠરે છે. (એ મન ક્યાંય તૃપ્ત જ થતું નથી) (૨)

મોક્ષ મેળવવાની અભિલાષાથી કેટલાક તપ કરે છે, કેટલાક જ્ઞાન ભણે છે, કેટલાક વારંવાર ધ્યાન કરે છે પણ હલકા દુશ્મન સ્વરૂપ મન કાંઈક એવું વિપરિત ચિંતવન કરે છે કે એ બધાની સાધના ધૂળ ભેગી કરે છે. (૩)

મૂળ સૂત્ર સ્વરૂપ આગમો ભણીને એને ધારણ કરનારા મહારથીઓ જેવાના પણ સકંજામાં એ આવતું નથી. અરે ! અગર જો હું કોઈ સ્થળે આગ્રહ કરીને એને ધકેલી દઉં તો સર્પની જેમ એ આડું ફાટે પણ એ ઠેકાણે તો ન જ આવે. (૪)

એ મનને અગર હું લુચ્ચું કહું તો એને કોઈને છેતરતાં હું જોતો નથી, અને મને પાક્કી ખબર છે કે આ શાહુકાર વ્યાપારી તો નથી જ. એ તો બધામાં છે અને બધાથી દૂર રહેનાર છે. મનને વિષે આવી આશ્ચર્યકારક વાત બનેલી છે. (૫)

હું જે વાત એને કહું છું તે એ સાંભળતું જ નથી અને પોતાની સમજણ પ્રમાણે એ મેલું જ રહે છે. એને દેવો માણસો કે પંડિત પુરૂષો સમજાવે તો પણ મારું સાળું (મારો હાળો) (મારી અશુદ્ધ ચેતના સ્વરૂપ પત્નીનો ભાઈ) એ સમજતું જ નથી. (૬)

"મન શબ્દ નપુંસક લિંગ છે એ શું કરશે" એમ મેં જાણ્યું પણ એ તો બધા જ મનુષ્યોને ઠેબે ચઢાવે છે. બીજી અનેક બાબતોમાં છે પુરૂષ શક્તિમાન હોય પણ આ મનને પકડી શકે એવો કોઈ પણ મનુષ્ય નથી. (૭)

'જેણે મનને વશ કર્યું એણે સઘળું વશ કર્યું' આ વાત સાચી છે પણ કોઈ એમ કહે - "મેં મનને વશ કર્યું છે" તો હું એ વાત માનવાને તૈયાર નથી એ તો બહુ મોટી મુશ્કેલ વાત છે. (૮)

હે આનંદઘન કુંથુનાથ ભગવાન ! ખૂબ પ્રયત્ને કરીને જીતી શકાય તેવું મન તમે વશ કર્યું છે એવું ધર્મ સિદ્ધાંતોમાંથી મેં જાણ્યું છે પણ હે પ્રભુજી ! મારું મન જો આપ વશમાં લાવો તો જ આગમની વાત હું સત્ય તરીકે સ્વીકારું, એમ આનંદઘનજી કવિરાજ કહે છે. (૯)

Anandghan was a 17th-centuryJain monk, mystical poet and hymnist. Though very little is known about his life, his collection of hymns about philosophy, devotion and spirituality in vernacular languages, close to Gujarati, Rajasthani and Hindi are popular and still sung in Jain temples.  This stavan & explanation is on inner purity/ Mann Shudhi